Gujarati

Haringey NHS
Teaching Primary Care Trust

Barnet, Enfield and Haringey NHS
Mental Health NHS Trust

www.haringey.gov.uk

HARINGEY COUNCIL

# પગાર- વેતન વગરના કેરરસ – કેરરસની આકારણી

## હેરીંગેમાં (Haringey) કેરરસની સાર- સંભાળ રાખવા વિષે

### કેરરસને પણ અધિકારો હોય છે !

જો તમે પગાર- વેતન વગરના કોઇ એક કેરર હો, કે જેઓ સાથીદાર, કૌટુંબિક સભ્ય અથવા મિત્રની દેખભાળ રાખતા હો કે જેઓ તમારા વગર પ્રબંધ કરી શકે તેમ ન હોય તો, તમને કેરરસની આકારણી માટેનો અધિકાર હોય છે.

કોઇ એક નવો કાયદો - **ધ કેરરસ (ઈકવલ ઓપરટયૂનિટિ) એકટ** - કેરરસને વધારે પસંદગી અને વધારે સારી તક આપવાનો પ્રયત્ન કરે છે.

તમે જે વ્યકિતની સાર- સંભાળ રાખતા હો તેમની સાથે તમારે રહેવાનુ હોતુ નથી, અને તેઓને સોશ્યલ સર્વિસીસમાંથી મદદ મેળવવાની ઈચ્છા ન હોય તો પણ તમે આકારણી માટે હકદાર છો.

કેરરસ બધીજ ઉંમર - વયના હોય છે. કેરર હોઇ શકે:
- કોઇ બીજી પુખત વયની વ્યકિતની સાર- સંભાળ રાખનાર કોઇ એક પુખ ત વયના હોઇ શકે
- વિકલાંગતાવાળા બાળકની સાર-સંભાળ રાખનાર કોઇ એક પુખ ત વયના હોઇ શકે
- માબાપની સાર-સંભાળ રાખનાર કોઇ એક 18 વર્ષની હેઠળના યુવાન હોઇ શકે

### શા માટે તમને આકારણીની જરૂર છે

સાર-સંભાળ (કેરીંગ) રાખવા તમને જોઇતી કોઇ પણ મદદ અને તમારા પોતાના સ્વાસ્થય અને કુશલતા કે કલ્યાણ જાળવી રાખવા માટેની ચર્ચા કરવાની આકારણી તમને તક આપે છે. સામાન્યરીતે આવી ચર્ચા સોશ્યલ સર્વિસીસમાંથી કોઇ વ્યકિત અથવા આરોગ્ય ધંધાધારી અથવા સ્વીકૃત થયેલ કેરરસના આકારણી કરનાર સાથે હોઇ શકે.

તમને કઇ મદદ અને ટેકો- આધાર (સપોર્ટ) પૂરો પાડી શકાય તે નકકી કરવા સોશ્યલ સર્વિસીસ આકારણીનો ઉપયોગ કરશે.

## આકારણીમાં શું સમાવિષ્ટ થાય છે ?
જો તમે બન્ને સહમત થઇ શકો તેમ હોય તો, તમારી જરૂરિયાતોની આકારણી, ઘણુ કરીને, મોઢા - મોઢ રાખવામાં આવેલ મીટિંગમાં કરવામાં આવે છે, કે જે કોઇ વખત તમે જે વ્યકિતની દેખભાળ રાખતા હોય તેમની કમ્યૂનિટિ કેઅરની આકારણીના એકજ સરખા સમયે હોય છે.

વિકલ્પમાં, તમે કોઇ જુદા સમયે આકારણી કરવાની વિનંતી કરી શકો.

તમારી જરૂરિયાતો દર્શાવવામાં તમને મદદરૂપ બનવા તમે તમારી સાથે કોઇ એક મિત્ર અથવા એડવોકેટ રાખી શકો.

## અમારા તરફથી તમને પૂછવામાં આવતા પ્રશ્નો
• કેરર તરીકે તમે કયા કાર્યો કરો છો ?
• શું તમે સંભાળ ચાલુ રાખવા સમર્થ અને રાજી- ખુશી છો ?
• શું તમે નોકરી કરો છો અથવા નોકરી કરવાની ઇચ્છા રાખો છો ?
• શું તમને કોઇ તાલીમ અથવા પુખ્ત વયનાઓ માટેનું શિક્ષણ લેવાની ઇચ્છા છે ?
• શું તમને કોઇ આરામ- વિશ્રામની અભિરૂચિ-રસ છે કે જે તમારી સાર- સંભાળની ભૂમિકાને લઇને તમે ચાલુ રાખી શકો તેમ નથી?

સોશ્યલ સર્વિસ તમને સીધી મદદ અને ટેકો-આધાર પૂરો પાડી શકે અથવા તમે જે વ્યકિતની સાર- સંભાળ રાખતા હોય તેઓને સીધી મદદ આપી શકે.

## તમારે શું કરવાની જરૂર રહે છે
તમારી જરૂરિયાતો વિષે વિચાર કરી અને તમે કેવી કક્ષાની સાર- સંભાળની વ્યવસ્થા કરી શકો તે વિષે સ્પષ્ટ રહેવાનો પ્રયત્ન કરો.

## તમારી આકારણી પછી
તમે અને આકારણી કરનાર જે ટેકા - આધારવાળી યોજના (સપોર્ટ પ્લાન) અને આકારણી માટે સહમત થયા હોય તેની નકલ તમને મળશે. જો તમે કોઇ સેવા માટે વિનંતી કરી હશે તો નિધિયન માટે સહમતી મળી છે તેની પણ પુષ્ટિ (કન્ફર્મેશન) તમને મળશે.

અમે નિશ્ચિત કરીશુ કે તમારી પાસે માહિતી હોય કે:
• હવે પછી શું થવાનુ છે
• ટેકા - આધાર (સપોર્ટ) માટે કોનો સંપર્ક સાધવો
• તમારી જરૂરિયાતોની સમીક્ષા કરવાની તારીખ જેથી કરીને નિશ્ચિત કરી શકાય કે પૂરી પાડવામાં આવતી મદદ કાર્ય કરે છે.

જો તમને આકારણીના પરિણામથી સંતોષ ન થાય તો, તમે નિર્ણયને પડકારી (ચેલેન્જ) અથવા ફરિયાદ (કમ્પ્લેઇન્ટ) કરી શકો.

**આકારણી માટે કેવી રીતે વિનંતી કરી શકાય**

તમે જે વ્યકિતની સાર- સંભાળ રાખતા હોય તેના કેઅર મેનેજર અથવા કેઅર કોર્ડિનેટરને જણાવો.
જો તમે સોશ્યલ સર્વિસીસમાંથી કોઈ વ્યકિત સાથે સંપર્કમાં ન હો તો, સંપર્ક સાધો:

Carers Support Team
Haringey Social Services
40 Cumberland Road
London N22 7SG

ટેલિ: 020 8489 3967

ઈમેઈલ: carerssupportteam@haringey.gov.uk